મુંબઈ-દિલ્હી હાઈવે પર ગેરકાયદે દબાણો અને આડેધડ પાર્કિંગને કારણે વાહનચાલકો પરેશાન

લુણાવાડા-ગોધરા હાઈવે પર પાનમ બ્રિજ અને ચોપડા સ્ટેન્ડ પાસે અકસ્માતનો ભય

ટ્રાફિકની ગંભીર સમસ્યાના પગલે પોલીસ પોઈન્ટ મૂકવા સ્થાનિકોની માંગ

(પ્રતિનિધિ) લુણાવાડા, તા.૧૦

લુણાવાડા-ગોધરા હાઈવે, જે મુંબઈ-દિલ્હી માર્ગનો એક મહત્વનો ભાગ છે, ત્યાં આવેલા ચોપડા સ્ટેન્ડ અને પાનમ બ્રિજ પાસે ટ્રાફિકની સમસ્યા દિન-પ્રતિદિન વણસી રહી છે. હાઈવે પર પૂરપાટ ઝડપે દોડતા વાહનો વચ્ચે ગેરકાયદેસર દબાણો અને અસ્તવ્યસ્ત પાર્કિંગને કારણે કોઈ મોટી જાનહાનિ સર્જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકો દ્વારા આ સમસ્યાના કાયમી ઉકેલ માટે તંત્ર પાસે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરવામાં આવી છે.

ચોપડા સ્ટેન્ડ પાસે હાઈવેની બિલકુલ સાઈડમાં લીલી મકાઈના ફેરિયાઓએ ગેરકાયદેસર રીતે લારી-ગલ્લાં અને દુકાનો ઊભી કરી દીધી છે. અહીં ખરીદી કરવા આવતા વાહનચાલકો પોતાના વાહનો હાઈવે પર જ ગમે ત્યાં ઊભા રાખી દેતા હોવાથી વારંવાર ટ્રાફિક જામ થાય છે. ખાસ કરીને રાત્રિના સમયે ઓછી વિઝિબિલિટીને કારણે આ સ્થિતિ વધુ જોખમી બને છે.

બીજી તરફ, પાનમ બ્રિજ જેવા સંવેદનશીલ સ્થળે પણ અસામાજિક તત્વો દ્વારા આડેધડ વાહનો પાર્ક કરી દેવામાં આવે છે, જે ગંભીર અકસ્માતને આમંત્રણ આપી રહ્યા છે. જો સમયસર તંત્ર દ્વારા આ અતિક્રમણ દૂર કરવામાં નહીં આવે અને કડક કાર્યવાહી નહીં થાય, તો ભવિષ્યમાં મોટી હોનારત સર્જાઈ શકે છે. આથી, તાત્કાલિક કાર્યવાહી કરવા પણ માગણી ઉઠી છે.

મુખ્ય માંગણીઓ

- **અતિક્રમણ દૂર કરવું:** ચોપડા સ્ટેન્ડ પાસે રોડની સાઈડમાં થતા લારી-ગલ્લાના દબાણો તાત્કાલિક દૂર કરવા.
- **પોલીસ પોઈન્ટ:** ચોપડા સ્ટેન્ડ અને પાનમ બ્રિજ પાસે કાયમી ટ્રાફિક પોલીસ પોઈન્ટની વ્યવસ્થા કરવી.
- **પાર્કિંગ પર પ્રતિબંધ:** હાઈવે અને બ્રિજ પર થતું ગેરકાયદેસર પાર્કિંગ બંધ કરાવી વાહનવ્યવહાર સુરક્ષિત બનાવવો.

ચરોતરના બજારોમાં દશામાની મૂર્તિઓની ધૂમ ખરીદી

શ્રદ્ધા-ભક્તિ સાથે દશા માના વ્રતની પરંપરાગત ઉજવણી કરાશે

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૦

ચરોતર વિસ્તારમાં ૧૨મી ઓગષ્ટ બુધવારથી દશામાના પવિત્ર વ્રતનો પ્રારંભ થનાર હોવાથી આણંદ અને ખેડા જિલ્લામાં ધાર્મિકતાનો માહોલ છવાઈ ગયો છે. દશામાના વ્રતની પરંપરાગત ઉજવણી માટે મહિલાઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરિવારની સુખ-શાંતિ, સંતાન કલ્યાણ અને અખંડ સૌભાગ્યની કામના સાથે મહિલાઓ દશામા વ્રત ઉપરાંત એવરત-જીવરત વ્રતની પણ ઉજવણી કરશે.

દશામાનું વ્રત સતત દસ દિવસ સુધી ચાલે છે. આ દરમિયાન પોતાના નિવાસસ્થાને અથવા જાહેર સ્થળો, ફળીયામાં દશામાની મૂર્તિ સ્થાપી માતાજીની ઉપાસના, આરતી, ભજન-કીર્તન અને ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે.

દશામાના વ્રતના પ્રારંભને પગલે આણંદ, નડિયાદ, મહેમદાવાદ કઠલાલ ખેડા, માતર, પેટલાદ, બોરસદ, ઉમરેઠ આંકલાવ સોજિત્રા પેટલાદ સહિતના શહેરોના બજારોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ચહલપહલ જોવા મળી રહી છે. દશામાની વિવિધ આકર્ષક મૂર્તિઓ, પૂજા સામગ્રી, તોરણ, કંકુ, અગરબત્તી, માળા અને સજાવટની ચીજવસ્તુઓની ખરીદી માટે શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. વેપારીઓએ પણ નાના-મોટા કદની રંગબેરંગી મૂર્તિઓનું વિશાળ સ્ટોક રાખ્યો છે. સાંજના સમયે બજારોમાં ખાસ ભીડ જોવા મળી રહી છે.

ગામડાં અને શહેરોમાં મહિલા મંડળો દ્વારા સામૂહિક આરતી, ભજન સંધ્યા અને પ્રસાદ વિતરણના કાર્યક્રમોની તૈયારીઓ હાથ ધરાઈ છે.

ખેડાના હરિયાળા પાસે વાહન ટક્કરે શ્રમજીવીનું કરુણ મોત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૦

ખેડા જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે નંબર ૪૮ પર હરિયાળા ગામ નજીક ગત સાંજે એક માર્ગ અકસ્માતની ઘટના બની હતી, જેમાં એક આશાસ્પદ શ્રમજીવી યુવાને જીવ ગુમાવ્યો છે. જેસવા પુરા ખાતે આવેલ લોજિસ્ટિક કંપનીમાં લેબર તરીકે કામ કરતો ૧૯ વર્ષીય વિકાસ રાધેશ્યામ પાલ ખેડા બજારમાંથી ખરીદી કરી પરત ફરી રહ્યો હતો.

આ દરમિયાન હરિયાળા નજીક હાઈવે ક્રોસ કરતી વખતે અમદાવાદ તરફ જઈ રહેલા એક અજાણ્યા વાહને તેને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વિકાસને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ થતા જ ખેડા ટાઉન પોલીસે સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલે મૃતકના સાથી કર્મચારી પ્રમોદ દારા ચૌધરીની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

સારસામાં અજાણ્યા વાહન ટક્કરે વૃદ્ધનું મોત

આણંદના સારસા ગામમાં રહેતા જગાભાઈ શનાભાઈ ભોઇ (ઉ.વ.68) રવિવારના રોજ સાંજના ગામમાં ચાલતા જતા હતા તે વખતે અજાણ્યા વાહન ચાલકે તેમને ટક્કર મારતા ગંભીર ઇજા પહોંચી હતી. આથી, તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ડોક્ટરે મૃત્યુ પામેલા જાહેર કર્યાં હતાં. ખંભોળજ પોલીસે ગુનો નોંધ્યો હતો.

મહુધાના અલીણામાં છેલ્લા બે મહિનાથી દૂષિત પાણીની સમસ્યાથી ૧૦૦થી વધુ પરિવારો પરેશાન

અલીણાના પથ્થરતોલામાં પીવાના પાણીમાં ગટરનું પાણી ભળતા રોષ

રોગચાળો ફાટી નીકળવાની દહેશત વચ્ચે ગ્રામ પંચાયત સામે ઉગ્ર સૂત્રોચ્ચાર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૦

મહુધા તાલુકાના અલીણા ગામના પથ્થરતોલા વિસ્તારમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. છેલ્લા બે મહિનાથી પીવાના પાણીની પાઈપલાઈનમાં ગટરનું દૂષિત પાણી ભળતું હોવાથી સ્થાનિક રહીશોના આરોગ્ય સાથે ગંભીર ચેડા થઈ રહ્યા છે. અનેક રજૂઆતો છતાં પંચાયત દ્વારા કોઈ ઉકેલ ન આવતા આક્રોશે ભરાયેલી મહિલાઓએ ગ્રામ પંચાયત હાય હાયના નારા લગાવી ભારે હોબાળો મચાવ્યો હતો અને સરપંચ પાસે રાજીનામાની માંગ કરી હતી.

સરપંચ ગાયબ અને સભ્યની દાદાગીરી

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, વિસ્તારમાં રસ્તા અને ગટરની પણ ભારે સમસ્યા છે. લોકોનો આક્રોશ જોઈ પંચાયતના એક સભ્યએ ગ્રામજનો સાથે અભદ્ર ભાષામાં વાત કરી હતી. બીજી તરફ, અલીણાના સરપંચ અજય નાયક ફોન ઉપાડવાની પણ તસ્દી લેતા નથી, જેના કારણે ગ્રામજનોમાં વધુ રોષ જોવા મળી રહ્યો છે.

આ વિસ્તારમાં રહેતા ૧૦૦ કરતા વધુ પરિવારો હાલ નરકાગાર જેવી સ્થિતિમાં જીવી રહ્યા છે, જ્યાં નળમાં પીવાના પાણીને બદલે ગટરનું કાળું અને દુર્ગંધ મારતું પાણી આવી રહ્યું છે. દૂષિત પાણીના કારણે નાના બાળકો અને વૃદ્ધોની તબિયત લથડી રહી છે અને મલેરિયા જેવા જીવલેણ રોગો ફેલાવાનો ખતરો ઉભો થયો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પાણી આપવાનો કોઈ નિશ્ચિત સમય નથી અને ઘણીવાર તો મોડી રાત્રે ૨ વાગ્યે પાણી છોડવામાં આવે છે, જેના કારણે લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. મહિલાઓનો આક્ષેપ છે કે જો પંચાયત શુદ્ધ પાણી જેવી પ્રાથમિક સુવિધા ન આપી શકતી હોય તો તેમને સત્તા પર રહેવાનો કોઈ અધિકાર નથી.

તલાટી મહેસૂલી કામગીરીથી અળગા રહેતા પ્રજા બેહાલ

કોંગ્રેસ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી વ્યવસ્થા કરવા રજૂઆત કરાઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૦

ખેડા જિલ્લાના વિવિધ તાલુકાઓ અને ગામોમાં તલાટી કમ મંત્રીઓ દ્વારા મહેસૂલી કામગીરી બંધ કરી દેવામાં આવતા સામાન્ય નાગરિકો અને ખેડૂતો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ ગંભીર મુદ્દે ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવા માંગ કરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મહામંડળના આદેશના પગલે જિલ્લાના તમામ તલાટીઓએ મહેસૂલી કામગીરીથી પોતાને અળગા રાખ્યા છે. આ નિર્ણયની સીધી અસર ગ્રામ્ય વિસ્તારની પ્રજા પર પડી છે, જ્યાં ખાસ કરીને વારસાઈ નોંધ, હકપત્રક અને જમીન સંબંધિત અન્ય ફેરફાર નોંધો જેવા અતિ આવશ્યક કામો લાંબા સમયથી અટકી પડ્યા છે. સરકારી કચેરીઓમાં અરજીઓનો ભરાવો થતા અને કામો પેન્ડિંગ રહેતા અરજદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ખેડા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મહેન્દ્રસિંહ રાણાએ કલેક્ટરને રજૂઆત કરતા જણાવ્યું છે કે, પ્રજાના હિતમાં મહેસૂલી સેવાઓ સમયસર મળે તે વહીવટી તંત્રની જવાબદારી છે. જ્યાં તલાટીઓ કામગીરી કરતા નથી ત્યાં અન્ય જવાબદાર કર્મચારીઓને કામ સોંપી વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

આણંદના કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં 'POSH' એક્ટ અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

આણંદ | આણંદ લો કોલેજના વુમન સેલ દ્વારા ધોરણ-૧૧ની વિદ્યાર્થીનીઓ માટે કાર્યસ્થળ પર થતી મહિલાઓની જાતીય સતામણી નિવારણ કાયદા અંગે માર્ગદર્શન અપાયું હતું. આ સેમિનારમાં 'વિશાખા વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન' કેસ અને POSH એક્ટ-૨૦૧૩ની વિવિધ કાયદાકીય જોગવાઈઓ વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. નિષ્ણાતો મેઘા જોશી અને કોમલ અરોરાએ વિદ્યાર્થીનીઓને સતામણીના પ્રકારો અને ફરિયાદ નિવારણની પ્રક્રિયા સમજાવી પ્રશ્નોત્તરી દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. મંત્રી કેતનભાઈ પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન થયું હતું.

મહીસાગરમાં 'રાષ્ટ્રીય કૃમિ મુક્ત દિવસ' નિમિત્તે ૩.૨૨ લાખ બાળકોને કૃમિનાશક ગોળી અપાઈ

લુણાવાડા | મહીસાગર જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૧ થી ૧૯ વર્ષના બાળકો અને કિશોરોના ઉત્તમ સ્વાસ્થ્ય માટે 'રાષ્ટ્રીય કૃમિ મુક્ત દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઝુંબેશ હેઠળ જિલ્લાની શાળા-કોલેજો અને આંગણવાડી કેન્દ્રો ખાતે અંદાજે ૩,૨૨,૮૯૫ બાળકોને એલ્બેન્ડાઝોલની ગોળી વિનામૂલ્યે ગળાવવામાં આવી છે. લુણાવાડાની ડો. પોલન સ્કૂલ સહિત સમગ્ર જિલ્લામાં આરોગ્ય ટીમો દ્વારા બાળકોને કૃમિનાશક દવા આપી એનિમીયા અને કુપોષણ મુક્ત કરવા પ્રયાસ કરાયો હતો.

લુણાવાડાની શાળાના શિક્ષકે સો ટકા હાજરી ધરાવતા વિદ્યાર્થીઓનું સન્માન કરાયુ

લુણાવાડા | મહીસાગરના નાળના મુવાડા પ્રાથમિક શાળાના શિક્ષક ચિરાગ પંચાલે જુલાઈ ૨૦૨૬માં ૧૦૦% હાજર રહેનાર વિદ્યાર્થીઓને સ્વખર્ચે નાસ્તાના ડબ્બા આપી સન્માન કર્યું હતું. આ કાર્યક્રમ દ્વારા શાળામાં વિદ્યાર્થીઓની હાજરીની નિયમિતતા અને ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. શિક્ષકની આ અનોખી પહેલને કારણે શાળાના વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

વલ્લભ વિદ્યાનગરની આઈ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ)માં રક્તદાન કેમ્પ યોજાયો

આણંદ | વલ્લભ વિદ્યાનગરની આઈ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ દ્વારા રેડ ક્રોસ સોસાયટી, લાયન્સ ક્લબ અને AFS આણંદના સંયુક્ત ઉપક્રમે માનવસેવા કાજે રક્તદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વાલીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સહયોગથી કુલ 40 યુનિટ રક્ત એકત્રિત થયું હતું, જેમાં શાળાના આચાર્ય ભાવેશકુમાર ભટ્ટે 65મી વખત રક્તદાન કરી પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું. રેડ ક્રોસના વાઇસ ચેરમેન શૈલેષભાઈ પટેલ અને લાયન્સ ક્લબના પ્રમુખ ભાનુભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં તમામ રક્તદાતાઓનું સન્માન કરાયું હતું.

નડિયાદમાં વેદી સેવકોના રક્ષક સંત જ્હોન બર્કમન્સના તહેવાર નિમિત્તે વિશેષ સેમિનાર યોજાયો

નડિયાદ | સેન્ટ જોસેફ પેરિસ ખાતે યોજાયેલા સેમિનારમાં ૪૦ બાળકોએ સંજય વાઘેલાના નેતૃત્વમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે બાળકોને વેદી સેવકોના નિયમો, પરમપૂજામાં ઉપયોગી પાત્રો અને પુરોહિતોના વસ્ત્રો વિશે નિદર્શન દ્વારા ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. ફા. વોલ્ટર સિક્વેરા અને ધર્મશિક્ષણ કમિટી દ્વારા મુખ્ય વક્તા સંજય વાઘેલાનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. હેતલ ડાભી અને વેદી સેવક કમિટીના સુચારૂ સંચાલન હેઠળ આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

મહીસાગર જિલ્લામાં 'વિશ્વ આદિવાસી દિવસ'ની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી

ખાનપુર | મહીસાગર જિલ્લાના કડાણા, ખાનપુર અને સંતરામપુર તાલુકા સહિત વિવિધ વિસ્તારોમાં 'વિશ્વ આદિવાસી દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કડાણાના મોટીરાઠ ગામે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કરાયું, જ્યાં સમાજના લોકો પરંપરાગત વેશભૂષામાં મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતાં. ખાનપુરના ઐતિહાસિક કલેશ્વરી ધામ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા અને મહિલાઓએ પરંપરાગત લોકગીતો પર આદિવાસી નૃત્ય રજૂ કર્યા હતા.

લુણાવાડા કન્યા શાળામાં 'બાળમેળો'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી

લુણાવાડા | બાળકોના સર્વાંગી વિકાસના હેતુથી લુણાવાડા કન્યા શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ સાથે 'બાળમેળો' યોજાયો હતો. ભૂલકાઓએ સર્જનાત્મક અને રમત-ગમતની સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લઈ પોતાની સુષુપ્ત શક્તિઓનું પ્રદર્શન કર્યું હતું. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં બાળકોમાં આત્મવિશ્વાસ અને સહકારની ભાવના ખીલી ઉઠી હતી. શાળાના આચાર્યશ્રીએ સફળ આયોજન બદલ બાળકો અને શિક્ષકોની કામગીરીને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

આણંદની એનએસ પટેલ આર્ટ્સ કોલેજ ખાતે મુંશી પ્રેમચંદ જન્મજયંતિની ઉજવણી કરાઇ

આણંદ | આણંદની એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજના હિન્દી વિભાગ દ્વારા આચાર્ય પ્રો. પ્રશાંત પટેલના માર્ગદર્શન હેઠળ મુંશી પ્રેમચંદ જન્મજયંતિ નિમિત્તે વિશેષ વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વક્તા પ્રો. દિલીપ મહેરાએ પ્રેમચંદના જીવનમૂલ્યો અને સાહિત્ય સર્જન વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ડો. કનુભાઈ ભવાએ સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે ડો. ચિરાગ પરમાર અને પ્રા. ડિમ્પલ પટેલે સંચાલન તેમજ આભારવિધિની જવાબદારી સંભાળી હતી.

આણંદના બાકરોલની સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં 'પ્રતિભાશોધ' કાર્યક્રમ યોજાયો

આણંદ | તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સ્પેક કેમ્પસની સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં સાંસ્કૃતિક સેલ દ્વારા વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓને ખીલવવા માટે પ્રતિભાશોધ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થીઓએ ગીત, નૃત્ય, વક્તૃત્વ, ચિત્રકલા અને અભિનય જેવી વિવિધ સર્જનાત્મક કૃતિઓ રજૂ કરી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. પ્રિન્સિપાલ ડો. પ્રભાત કાસરા અને અન્ય અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓએ જ ખૂબ જ ઉત્સાહપૂર્વક કર્યું હતું.

લુણાવાડામાં 'મહિલા નેતૃત્વ દિવસ' નિમિત્તે એસપીએ પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું

લુણાવાડા | મહીસાગર જિલ્લામાં 'નારી વંદન ઉત્સવ-૨૦૨૬' અંતર્ગત લુણાવાડાની કિસાન માધ્યમિક વિદ્યાલય ખાતે 'મહિલા નેતૃત્વ દિવસ' નિમિત્તે વિશેષ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસને બાલિકા પંચાયતની દીકરીઓ સાથે સીધો સંવાદ કરી નેતૃત્વના ગુણો વિકસાવવા અને કારકિર્દીમાં રુચિ મુજબ આગળ વધવા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થિનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને સામાજિક કાર્યકર સોનલબેન પંડ્યાએ વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓના મહત્વપૂર્ણ યોગદાન અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

જાહેર નિવિદા

મોજે - ફિણાવ તા. ખંભાત જી. આણંદ ગામે ગત નાણાકીય વર્ષ તથા વર્ષ ૨૦૨૬-૨૭માં ગ્રામ પંચાયત ફિણાવએ કરવાના વિકાસના કામો માટે લેબરના ભાવ તથા વિકાસના તમામ કામો જેવા કે પીવાના પાણીની સુવિધાના કામો, સી.સી.રોડના કામો, બાંધકામના કામો, સેનિટેશનના કામો, બ્લોક પેવીંગના કામો, પંપીંગ મશીનરી તથા અન્ય કામો માટે જરૂરિયાત મુજબનો માલ સામાન ખરીદવા માટે માલ સામાન પૂરો પાડનાર, વિકાસ કામ કરનાર એજન્સીઓ પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે સદરહુ ભાવ પત્રકો નીચેના સરનામે તારીખ ૨૦/૦૮/૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૦ કલાક સુધી રજી.એ.ડી/સ્પીડ પોસ્ટ થી મોકલવાના રહેશે નિયત સમય બાદ મળેલ ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહીં.

૧. કવરના મથાળે વિકાસ કામોના ભાવ પત્રક તેમ લખવાનું રહેશે.
૨. આ જાહેર નિવિદાથી મંજૂર થયેલ ભાવપત્રક ગત નાણાકીય વર્ષ અને વર્ષ ૨૦૨૬-૨૭ના મંજુર થયેલ વિકાસ કામો માટે માન્ય રહેશે.
૩. એજન્સીએ ભાવપત્રકો સાથે પાનકાર્ડ તથા જી.એસ.ટી. નંબર ધરાવતા હોય તેની ઝેરોક્ષ નકલ ફરજિયાત મોકલવાની રહેશે.
૪. એજન્સીના ભાવપત્રકો મંજુર થયા બાદ ગ્રામ પંચાયત ફિણાવને સંતોષકારક કામગીરી નહીં કરી આપવામાં આવે તો એજન્સી બદલવાના અબાધિત અધિકાર ગ્રામ પંચાયત, ફિણાવનો રહેશે.
૫. કોઈપણ ભાવ પત્રક મંજૂર કરવા કે નહીં તેનો અધિકાર ગ્રામ પંચાયત, ફિણાવનો રહેશે.

સહી: સરપંચ/તલાટી કમ મંત્રી,
ફિણાવ ગ્રામ પંચાયત

સરનામું: ફિણાવ ગ્રામ પંચાયત કચેરી, મું.ફિણાવ, તા. ખંભાત, જી. આણંદ